ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી, ગાંધીનગર માન્ય અને કલ્યાણ ફાઉન્ડેશન ટ્રસ્ટ, ભાવનગર સંચાલિત

# કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર

KRCSC BHAVNAGAR

GUJARAT COUNCIL ON SCIENCE AND TECHNOLOGY GOVERNMENT OF GUJARAT

"વિજ્ઞાન ભવન" પ્લોટ નં. ૨૨૦૬/૪-એ, સંસ્કાર મંડળ પાસે,
પંજાબ નેશનલ બેંકની બાજુમાં, હિલડ્રાઈવ, ભાવનગર-૩૬૪૦૦૧ (ગુજરાત)

**Phone** : 0278-2570110, 2570111 **Email** :krcscbhavnagar@yahoo.co.in **Website** : www.krcscbhavnagar.org

## અખબાર યાદી

Date : 14th May, 2018

પ્રતિ,
તંત્રી શ્રી,
......................................, ભાવનગર.

**ઉત્સાહભેર ૨૦૦ થી વધારે ભાવેણાવાસીઓએ ટેલિસ્કોપથી નિહાળ્યા ગુરુ અને શુક્ર ગ્રહ.**
**મોબાઈલ ની એપ્લીકેશન દ્વારા ઈન્ટરનેશનલ સ્પેસ સ્ટેશન પણ નિહાળ્યું.**

ગુજરાત સરકારના વિજ્ઞાન વિભાગના પેટા વિભાગ ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેક્નોલોજી, ગાંધીનગર દ્વારા સંવર્ધિત કલ્યાણ ફાઉન્ડેશન ટ્રસ્ટ, ભાવનગર દ્વારા પ્રેરિત કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર દ્વારા ખગોળ વિજ્ઞાનને સમાજ ઉપયોગી બનાવી તેના પ્રત્યે લોક જાગૃતતા લાવવા હેતુ છેલ્લા ૧૬ વર્ષથી વિવિધ અદભુત ખગોળીય ઘટનાને ટેલીસ્કોપની મદદથી લોકોને દેખાડવાના કાર્યક્રમો કરવામાં આવે છે.

શુક્ર અને ગુરુ ગ્રહ સુર્યની ફરતે પરિભ્રમણ કરતા એવી રીતે ગોઠવાય છે જે પૃથ્વીની સંસ્કૃતિના પ્રતિક સ્વરૂપે પણ આકી શકાય. છેલ્લા થોડા સમયથી પૂર્વ દિશામાં સુર્યાસ્ત સમયે વિરુદ્ધ ગુણો ધરાવતા ગુરૂ ગ્રહ અને પૃથ્વીના જોડિયા ભાઈ તરીકે ઓળખાતો તેજસ્વી ચમકતો શુક્ર ગ્રહનો એક અદભુત સંયોગ જોવા મળી રહ્યો છે. આ શુક્ર ગ્રહ વૃષભ રાશિમાં તથા ગુરુ ગ્રહ તુલા રાશિમાં જોવા મળ્યો હતો.

તા. ૧૧/૦૫/૨૦૧૮ ને શુક્રવારના રોજ લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર દ્વારા કાર્યરત ભાવનગર એસ્ટ્રોનોમી કલબ મારફત તખ્તેશ્વર મંદિર, ભાવનગર ખાતે સાંજે ૭:૦૦ કલાક થી ૯:૦૦ કલાક સુધી આ બંને ગ્રહોને ટેલીસ્કોપ દ્વારા નિહાળવા માટેની વ્યવસ્થા કરવામાં આવી હતી. આ ઉપરાંત ભાવનગરના જાણીતા ખગોળપ્રેમી પ્રો. સુભાષભાઈ મહેતા દ્વારા ગ્રહો, નક્ષત્રો, રાશિઓ અને મોબાઈલ એપ્લીકેશનના માધ્યમથી વિશ્વના શ્રેષ્ઠ ટેલીસ્કોપ પૈકીનું હબલ ટેલીસ્કોપ દર્શાવીને તેના વિષે માહિતી આપવામાં માટે લેપટોપ દ્વારા વિડીયો પણ દર્શાવામાં આવેલ.

આ ખગોળીય નજારાને નિહાળવા એસ્ટ્રોનોમી કલબના સભ્યો દ્વારા ૨૦૦ જેટલા નાના બાળકોથી માંડીને દરેકને ટેલીસ્કોપમાંથી આ ગ્રહો બતાવવામાં આવ્યા હતા.

(હર્ષદ જોષી) 15-5-18
કો-ઓર્ડીનેટર,
કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર,
ભાવનગર.